# -: પ્રેસનોટ :-

અમદાવાદ શહેરમાં માર્ગ ઉપર ચાલતાં વાહન ચાલકો કે જેઓ ટ્રાફીકનાં નિયમોનું પાલન કરતાં ન હોય તેવા વાહનોનાં ચાલકો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા સારુ સ્થળ દંડ પેટે સમાધાન શુલ્ક મેમા, કોર્ટ એન.સી., વાહન ડીટેઇન મેમા, બી.પી.એક્ટ એન.સી. તેમજ અન્ય મેમા ટ્રાફીક શાખા તરફથી શહેરમાં ટ્રાફીક પોલીસ સ્ટેશન અને સ્થાનિક પોલીસ સ્ટેશનમાં અ.હે.કો. થી પો.ઇ.શ્રી કક્ષાના કર્મચારીઓ/અધિકારીશ્રીઓને ફાળવવામાં આવેલ છે.

ઉપરોક્ત રીતે ફાળવવામાં આવેલ જુદા જુદા પ્રકારનાં મેમાથી અ.હે.કો. થી પો.ઇ.શ્રી કક્ષાના અધિકારી/કર્મચારીઓ દ્વારા વાહનોનાં ચાલકો પાસેથી તેઓની કસુર સબબ કાયદેસરની કાર્યવાહી થઇ રહેલ છે.

હાલમાં અમદાવાદ ટ્રાફિક પોલીસ (A.T.P.) એપ દ્વારા ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરતાં હોય તેવા વાહન ચાલકોનાં ફોટા આ એપ મારફતે કેપ્ચર કરી તેને CSITMS, CCTV કંટ્રોલ રૂમ ખાતે મોકલી આપી ઈ-ચલણ જનરેટ કરી કસુરદાર વાહન ચાલકોને ઇ-ચલણ ઇશ્યુ કરવામાં આવે છે. તેમજ કેમેરા દ્વારા CSITMS પ્રોજેક્ટ હેઠળ પણ ઇ-ચલણ જનરેટ કરવાની કામગીરી હાલમાં ચાલુમાં છે. આમ, હાલમાં આ ટેકનોલોજીની મદદથી CSITMS કંન્ટ્રોલ રૂમ દ્વારા રોજનાં ૫,૦૦૦ થી વધારે ઇ-ચલણ જનરેટ કરવામાં આવી રહેલ છે. આ ઇ-ચલણ જનરેટ થયા બાદ તેને પોસ્ટ વિભાગ દ્વારા બજવણી અર્થે મોકલી આપવામાં આવે છે અને કસુરદાર વાહન ચાલક ઇ-ચલણ સ્વિકારી તેમાં જણાવેલ દંડ ટ્રાફીક પોલીસ સ્ટેશન કે સ્થાનિક પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી ભરપાઇ કરી શકે છે. આ સમગ્ર પ્રક્રીયા **"પારદર્શી"** પ્રકારની હોઇ જેનાં દ્વારા કસુરદાર વાહન ચાલકો પાસેથી સ્થળ દંડ વસુલવો સરળ બની રહેલ છે.

આ ઉપરાંત ઓનલાઇન પેમેન્ટની વ્યવસ્થા પણ ઉપલબ્ધ કરવામાં આવેલ છે જેનાં દ્વારા રૂ.૧૧ લાખથી વધુ ઇ-ચલણનો દંડ જમા થયેલ છે. આમ, નોન-કોન્ટેક્ટ ફોટો એન્ફોર્સમેન્ટની ઉક્ત પ્રક્રીયા અમદાવાદ શહેર ખાતે પુખ્ત થઇ ગયેલ છે અને તે પ્રક્રીયા તટસ્થ અને પારદર્શી હોઇ આ પ્રક્રીયા ડીજીટાઇઝડ સ્વરૂપે નોન-કોન્ટેક એન્ફોર્સમેન્ટ રૂપમાં થાય તે સારુ CSITMS પ્રોજેક્ટનો મહત્તમ ઉપયોગ કરવા સારુ આ પદ્ધતિને અનુસરી શહેરનાં તમામ ટ્રાફીક તેમજ સ્થાનિક પોલીસ સ્ટેશનનાં તમામ પોલીસ કર્મચારીઓ A.T.P. એપનો ઉપયોગ કરે તો ઇ-ચલણ જનરેટની માત્રા વધારી શકાય તેમ છે.

જેથી શહેરમાં સ્થળ દંડ અને અન્ય મેમા બનાવવાની કામગીરી ફક્ત પો.ઇ./પો.સ.ઇ. કક્ષાના અધિકારીને સોંપવામાં આવે છે તેમજ સ્થળ દંડની મેન્યુઅલી પ્રક્રીયા પ્રાયોગિક ધોરણે એક માસ માટે બંધ કરી અને જરૂર જણાય ત્યારે કોન્ટેક્ટ એન્ફોર્સમેન્ટ કામગીરી ડ્રાઇવ સ્વરૂપે કરવા આથી નિર્ણય લેવામાં આવે છે અને આ નિર્ણય અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

**( ડૉ.સુધિરકુમાર દેસાઇ )**
અધિક પોલીસ કમિશ્નર
ટ્રાફીક, અમદાવાદ શહેર **ઇ/ચા.**